# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૭ તા.૨૩-૯-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી મ્યુનિસિપલ શાળાઓના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવનું કે RTE એક્ટના સેક્શન (21) પ્રમાણે પ્રાથમિક શાળાઓમાં વર્ષ 2010/11 થી શાળા વ્યવસ્થપન સમિતિની રચના કરવામાં આવેલ છે. શાળા વ્યવસ્થપન સમિતિના સભ્યોને RTE એક્ટ, એસએસીનું માળખું, તેના કાર્યો, ફરજો, શાળા વિકાસ યોજના, ગ્રાન્ટની ઉપયોગિતા, સર્વ શિક્ષા અભિયાનના હેતુંઓ, ફરિયાદ નિવારણ વ્યવસ્થા, મધ્યાહ્ન ભોજન, શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન જેવા વિષયો અધારિત તાલીમ દર વર્ષે આપવામાં આવે છે. વર્ષ 2016/17 માં એસએમસીની પુનઃ રચના કરેલ છે. તો એસએમસીના સભ્યોને તાલીમ આપવાની થાય છે. આ માટે બ્લોક લેવલે રિસોર્સ પર્સન તરીકે એક દિવસીય બિન નિવાસી તાલીમનું આયોજન તા. 26/9/2016 ના રોજ સામેલ યાદી મુજબના સ્થળોએ કરેલ છે. જેમાં તમામ એસએમસીના સભ્ય સચિવ અને અધ્યક્ષ ને 10 થી 5 કલાક દરમ્યાન તાલીમ લેવા ફરજીયાત હાજર રહેવાનું છે.

## બ્લોક લેવલ એસએમસી તાલીમ

| તાલીમની તારીખ | તાલીમનો સમય | સમાવિષ્ટ વોર્ડ | તાલીમ સ્થળ | અપેક્ષિત તાલીમાર્થી |
|---|---|---|---|---|
| 26-09-16 | 10 થી 5 | સરસપુર, પોટલીયા, અસારવા, ઠક્કરનગર, ગિરધરનગર, દરિયાપુર | સરસપુર શાળા 11 | તમામ એસએમસીના સભ્ય સચિવશ્રી તથા અધ્યક્ષશ્રી |
| | | સૈજપુર, સરદારનગર, કુબેરનગર, નરોડા મુઠિયા, નરોડા રોડ | સૈજપુર ગુજરાતી શાળા 5 | |
| | | વાડજ, સાબરમતી, નવા વાડજ, નારણપુરા, એસપી સ્ટેડિયમ, , દૂધેશ્વર | વાડજ શાળા નંબર 2 | |
| | | માધુપુરા,શાહપુર, પાલડી, નવરંગપુરા, વાસણા, ગાંધીગ્રામ | એલિસબ્રિજ શાળા 6 | |
| | | રખિયાલ, બાપુનગર, નિકોલરોડ, ગોમતીપુર | બાપુનગર શાળા 13 | |
| | | અમરાઇવાડી, ઓઢવ, ભાઇપુરા,ખોખરા, કાલુપુર, રાજપુર | અમરાઇવાડી શાળા 16 | |
| | | દાણીલીમડા, રાયખડ, કાંકરિયા, જમાલપુર, ખાડિયા | જમાલુપર શાળા 4 | |
| | | બાગેફિરદોશ,મણીનગર, વટવા, ઇસનપુર, બહેરામપુરા | જશોદાનગર શાળા 1 | |

આ તાલીમ મેળવ્યા પછી રિસોર્સ પર્સને ક્લસ્ટર કક્ષાની તાલીમાં તજજ્ઞ તરીકે ફરજ બજાવવાની રહેશે. ક્લસ્ટર કક્ષાએ એસએમસીના સભ્યોને નીચે મુજબની તાલીમ મેળવવાની રહેશે. ક્લસ્ટ કક્ષાની તાલીમના સ્થળો સીઆરસી કો-ઓર્ડિન્ટર પાસેથી મેળવી લેવાના રહેશે.

એસએમસી બ્લોક લેવલ અને ક્લસ્ટર લેવલની તાલીમમાં એસએમસીના તામામ સભ્યો હાજર રહે તે જોવાની જવાબદારી મુખ્ય શિક્ષકશ્રીની રહેશે.

## ક્લસ્ટર લેવલ એસએમસી તાલીમ આયોજન

| તારીખ | સમય | સ્થળ | અપેક્ષિત તાલીમાર્થીઓ |
|---|---|---|---|
| 29/9/2016 | 11 થી 5 | સીઆરસી દ્વારા નક્કી કરેલ શાળા | એસએમસીના 6 સભ્યો આચાર્ય સાથે. |
| 30/9/2016 | 11 થી 5 | સીઆરસી દ્વારા નક્કી કરેલ શાળા | એસએમસીના 6 સભ્યો ( જેને પ્રથમ દિવસની તાલીમ લીધી હોય તે સિવાયના બાકી સભ્યો ) |

શાળા કક્ષાએ વાલી સંમેલન માટે રૂ. 300 પ્રમાણે 2 વાલી સંમેલન માટેના ગ્રાન્ટ રૂ, 600 એસએમસીમાં ફાળવેલ છે. જેમાં રૂ. 200 બન્ને વાલી સંમેલનના ડોક્યુમેન્ટેશન તથા ફોટોગ્રાફી માટે ફાળવવામાં આવેલ છે. વાલી સંમેલન અંગેની તારીખ હવે પછી સીઆરસીના માધ્યમથી જણાવવામાં આવશે.

તા.૨૩-૯-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ

શાસનાધિકારી